# લહેરોનું સ્વાગત

## ઈશા સરદેસાઈ દ્વારા પુનર્લિખિત

લહેર સમુદ્ર કિનારે બેસીને કિનારા પર આવતી લહેરોને જોઈ રહી હતી. પાણીની એ લહેરો કિનારા પર રેતી સુધી પહોંચે ત્યાંસુધીમાં એટલી નાની થઈ જતી કે જમીન પર તેનાં કોઈ નિશાન ભાગ્યે જ દેખાતાં. પરંતુ, અનંત નીલ સમુદ્રમાં દૂર એ ઘણી મોટી અને શક્તિશાળી દેખાતી. લહેર પોતાની આંખો બંધ કરીને દૂર-દૂર રહેલી આ વિશાળ લહેરોની કલ્પના કરવા લાગી — તે કેવી રીતે સમુદ્રમાંથી ઊઠતી હશે અને હિલોળા ખાઈને આકાશમાં ઊંચે-ઊંચે ઉછળતી હશે.

લહેરે શ્વાસ છોડ્યો. તે એક નર્તકી હતી અને તેની કળામાં તે અત્યંત કુશળ અને નિપુણ હતી. જ્યારે તે એકલી હોય અથવા તેની શિક્ષિકા સાથે હોય ત્યારે એવું લાગતું કે તેની ક્ષમતાની કોઈ સીમા નથી. તે આખા રૂમમાં ઝડપથી ગોળ-ગોળ ફરતી અને તેના મનમાં જે પણ ધૂન ચાલતી હોય તેમાં ખોવાઈ જતી. તેની મુદ્રાઓમાં સામર્થ્ય અને સૌમ્યતાનું તેમજ દુર્લભ શક્તિ અને ઉત્કૃષ્ટ લાવણ્યનું સંતુલન હતું, જે સતત બદલાતું રહેતું.

પરંતુ જ્યારે તે રંગમંચ પર જતી, જ્યાં તેની સામે દસ, વીસ કે સો લોકો રહેતા ત્યારે કંઈક બદલાઈ જતું, તેમનાં વિશે વિચારતા જ તે ધ્રૂજવા લાગતી. અચાનક તે એ લોકો પ્રત્યે સચેત થઈ જતી જે તેને જોઈ રહ્યાં છે. તે કલ્પના કરવા લાગતી કે તેઓ તેના વિશે શું વિચારી રહ્યાં હશે; તે પોતે જ મનમાં વિચારવા લાગતી કે વિશાળ ગુફા જેવા રંગમંચ પર તેને સાવ એકલી જોઈને તેમને કેવું લાગી રહ્યું હશે. તેમની સમીક્ષા તેના શરીર પર કોઈ ભારે બોજા સમાન લાગતી, જાણે એ બોજો તેના ખભા અને હાથ-પગને નીચેની તરફ દબાવી રહ્યો હોય. અને જ્યારે તે એના પગને નૃત્ય કરવા માટે ઉપાડતી, ત્યારે તેણે પૂર્વાભ્યાસમાં જે મુદ્રાઓ કરી હતી, તેમાંથી એકપણ બરાબર થતી નહીં. એક સમયે જે તાલ વાતાવરણના કણ-કણમાં તેની સાથે હતો, તે અચાનક તેની પહોંચની બહાર થઈ જતો. તે જતો રહેતો — અદૃશ્ય થઈ જતો.

પાણી કિનારા તરફ આગળ વધી રહ્યું હતું. વિશ્વના આ એકાંત, સમુદ્ર કિનારાના વિસ્તારમાં જ્યાં તે રહેતી હતી ત્યાં રેતીનો રંગ આછો ગુલાબી હતો અને ઘણા બધાં છીપલાં અને ખનિજમાં પરવાળાના અવશેષ હતા.

એ જ સમયે, તેની પાછળથી એક અવાજ આવ્યો.

‘‘લહેર? શું એ તું છે?’’

લહેરે પાછું ફરીને જોયું તો તેની શિક્ષિકા તેની જ તરફ આવી રહ્યાં હતાં. આ શિક્ષિકા અસાધારણ લાલિત્ય અને ગરિમા ધરાવતી મહિલા હતાં, તેમનું કદ લાંબું અને વૈભવશાળી હતું, તેમની ચાલ પાણી જેવી તરલ હતી.

''શું વિચારી રહી છે?'' શિક્ષિકાએ તેની નજીક આવતાં પૂછ્યું.

લહેરે નિસાસો નાંખ્યો.

''હું આ નહીં કરી શકું,'' તેણે કહ્યું. ''હું લોકોની સામે નૃત્ય નહીં કરી શકું. હવે તો મને લાગે છે કે હું એ ક્યારેય નહીં કરી શકું.''

''તને આવું કેમ લાગે છે?'' શિક્ષિકાએ પૂછ્યું.

''કારણકે વારંવાર, દર વખતે આવું જ થયું છે,'' લહેરે કહ્યું. ''જ્યારે પણ હું રંગમંચ પર નૃત્ય કરવા જાઉં છું, હું મારું સંતુલન ગુમાવી દઉં છું. હું મારી મુદ્રાઓ ભૂલી જાઉં છું.''

તેની શિક્ષિકા સમુદ્ર તરફ જોવા લાગ્યાં.

''શું તું એ જ ભૂલી રહી છે? તારી મુદ્રાઓ?'' તેમણે ધીમેથી પૂછ્યું.

શિક્ષિકાએ પાછળ ફરીને જોયું અને તેમને લહેરના ચહેરા પર મૂંઝવણના ભાવ દેખાયા. તેમણે કહ્યું, ''જે ખોટું થયું તેના પર વિચારવાને બદલે, તું તારું ધ્યાન... ક્યાંક બીજે લઈ જઈ શકે છે.''

''ક્યાંક બીજે?'' લહેરે ફરીથી પૂછ્યું. ''પણ — ક્યાં? હું તો માત્ર એ જ વિચારી શકું છું કે રંગમંચ પર હું કેટલી ગભરાઈ જાઉં છું.''

''તારું નામ લહેર છે,'' શિક્ષિકાએ કહ્યું. ''તેનો અર્થ શું થાય છે?''

''તેનો અર્થ છે... સમુદ્રની લહેર. સમુદ્રમાં ઉછળી રહેલી વિશાળ લહેરો.'' લહેરે જવાબ આપ્યો.

''હા,'' શિક્ષિકાએ કહ્યું. ''વિશાળ લહેરો. તું તેના વિશે વિચારવાનો પ્રયાસ કેમ નથી કરતી?'' તેમણે હળવેથી લહેરનો ખભો દબાવ્યો અને ત્યાંથી જતાં રહ્યાં.

લહેર, તેની શિક્ષિકાએ જે કહ્યું તેના પર વિચાર કરવા લાગી.

*મારું નામ*, તેણે વિચાર્યું. *લહેરો. વિશાળ લહેરો.*

તે પોતાની આંખો બંધ કરીને પોતાના શ્વાસપ્રશ્વાસની સહજ, આરામદાયી ગતિમાં સ્થિર થવા લાગી. તેણે જોયું કે તેના શ્વાસપ્રશ્વાસનો તાલ લહેરોના ઉતાર-ચઢાવ સાથે અને ધીમેથી એકબીજા સાથે થતી અથડામણ સાથે એકલય થઈ રહ્યો હતો. *હું લહેરો છું*, તેણે વિચાર્યું. *વિશાળ લહેરો.*

લહેર પોતાના મનમાં આ શબ્દો વારંવાર બોલવા લાગી. *હું લહેરો છું, હું લહેરો છું, હું વિશાળ લહેરો છું.* ક્યારેક-ક્યારેક તેનું મન ભટકી જતું અને તેની આંખોની સામે ફરીથી રંગમંચનું ચિત્ર આવી જતું. અથવા તેને યાદ આવી જતું કે કેવી રીતે બધાં લોકો તેને જોઈ રહ્યાં છે, આ વિચારથી તેને હળવી કંપારી થવા લાગતી, ભય

વિદ્યુતપ્રવાહની જેમ તેની અંદર વહેવા લાગતો અને તેને કહેતો કે તે સુરક્ષિત નથી. આવા સમયે તે પોતાનું ધ્યાન ફરીથી તેના શ્વાસપ્રશ્વાસ પર લઈ આવતી. તે પોતાનું ધ્યાન ફરીથી તેના પોતાના નામ પર લઈ આવતી.

*હું લહેરો છું. હું વિશાળ લહેરો છું.*

થોડાં સમયમાં તેને આ લહેરો બંધ આંખોથી પણ દેખાવા લાગી. પહેલાં તો આ લહેરો પાણી ઉપર ઊઠતા તરંગોના રૂપે દેખાતી અને પછી વિશાળ બની જતી. તે મોટી હતી અને ઝપાટાભેર આગળ વધીને ઉછળી રહી હતી. લહેરોના કારણે ઉત્પન્ન થતાં દરેક વલયમાં અને કિનારા તરફ જતાં દરેક હિલોળામાં પાણી આનંદિત થઈ રહ્યું હતું.

લહેરના મનની ગુલાબી રેતી પર પાણી વધારે ને વધારે આગળ વધતું ગયું — આખરે તેની સામે એ વિશાળ લહેરો આવી ગઈ જેનાથી બચવું અશક્ય હતું. એ લહેરો તેની તરફ આશીર્વાદ સાથે, પ્રચંડતાથી આવી રહી હતી, એ તેની સત્તાને શુદ્ધ કરી રહી હતી, તેના આત્માને સાંત્વના આપી રહી હતી, એ તેના કેટલાંય જન્મોની ધૂળને સાફ કરી રહી હતી, જે તેના ભાગ્યના કોઈ વિચિત્ર ખેલને કારણે, કોઈ જૂની આદત કે રીતને કારણે ત્યાં જમા થઈ ગઈ હતી.

મહાન પ્રેમ પણ તેની તરફ આગળ વધ્યો — અને જીવનમાં પહેલીવાર, તેણે આ પ્રેમને આવવા દીધો. એક પછી એક વહેતી પ્રેમની લહેર, સૂર્યપ્રકાશથી ચમકતી તેની ટોચને કારણે નીચે પ્રકાશ ફેલાવી રહી હતી. આ લહેરો એક હાલરડા જેવી હતી જે તેના શ્વાસની સાથે-સાથે હિલોળા મારી રહી હતી. તેનું મન નિશ્ચલ અને શાંત હતું. તેનું હૃદય — તે એને મહસૂસ કરી શકતી હતી! તેના ઉરમાં મોટું અને તેજસ્વી હૃદય ચમકી રહ્યું હતું, તેના દરેક ધબકારથી તેની સત્તામાં ઉષ્માની તરંગો ઊઠી રહી હતી. તેનું ધ્યાન અત્યાર સુધી આ તરફ કેમ ન ગયું?

અને સ્થાનની પરે આ સ્થાનમાં, સમયની પરે આ સમયમાં, તેણે કંઈ પણ સાબિત કરવાની જરૂર નહોતી. તેણે કંઈ બનવાની જરૂર નહોતી. આ ક્ષણમાં તે જે જીવી રહી હતી, તેના સિવાય બીજી કોઈ વાર્તાની તેને જરૂર નહોતી. ત્યાં માત્ર તે હતી અને આ અનંત સમુદ્ર હતો, અને તે પોતે જ આ અનંત સમુદ્ર *હતી*. તે આ હતી, તે 'તે' હતી, તે પાણી પર દેખાતો સૂર્ય હતી.

લહેરે પોતાની આંખો ખોલી. તે પોતાના આસન પરથી ઊભી થઈ, તેનું શરીર તેની સામે ઝૂમી રહ્યું હતું, છતાં સંપૂર્ણપણે તેના નિયંત્રણમાં હતું. સમય થઈ ગયો હતો.

તે નૃત્ય-કક્ષ તરફ ઝડપથી ચાલવા લાગી અને ત્યાં પહોંચીને તે રંગમંચ પર ગઈ. લોકો — તેના દર્શકો — એકત્રિત થઈ ગયાં હતાં, કારણકે તેમને પણ ખબર હતી કે સમય થઈ ચૂક્યો છે.

લહેરે જ્યારે રંગમંચ તરફ જોયું, તો તેને માત્ર પ્રકાશ જ દેખાયો. તે ઉપરથી ચમકી રહ્યો હતો, નીચેથી ઝળહળી રહ્યો હતો, તે ચારેબાજુથી ઝગમગી રહ્યો હતો. લહેરે પોતાના વાળ પાછળ કર્યાં અને તેના ઝાંઝર પહેરી લીધાં. તેણે એક ઊંડો શ્વાસ લીધો અને પછી — ખચકાટ વિના, ગભરાયા વિના અને આટલી મુશ્કેલીથી એ સમજ્યા પછી કે તે કયા કામ માટે બની છે અને કયું કામ તેના માટે બન્યું છે — તે એ પ્રકાશમાં કૂદી પડી. એવું લાગતું હતું કે ક્યાંકથી, સ્વર્ગમાંથી સંગીતકારોએ સંગીત વગાડવાનું શરૂ કર્યું.

લહેરના હાથ ઉપર લહેરાવા લાગ્યા. તેની હથેળીઓ મુદ્રાની રચના કરતી વારંવાર ખુલવા અને બંધ થવા લાગી. તેના પગ આખા રંગમંચની ભૂમિ પર ઘૂમવા લાગ્યા. તેના કાનમાં હજીપણ સંભળાતા પાણીના ધ્વનિ સાથે, તેના અંતરમાં ઉમડી રહેલી પ્રેમની લહેરો સાથે, તે નૃત્ય કરવા લાગી.

© ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

આ વાર્તા ઝેન બૌદ્ધ પરંપરાના એક ઉત્તમ કોયડાથી પ્રેરિત છે.